નિત્ય પાઠ માટ

સાર રામાયણમાં રામસ્તુતિ,

અને

શ્રી કૃષ્ણબાળલીલા.

પ્રકાશક— વિઠ્ઠલદાસ પ્રાણજીવનદાસ વેસ્માવાળા,
સુરત. સૈયદપરા.

મૂલ્ય — અમૂલ્ય.

મંગળ પ્રાર્થના.

રામો રાજમણિઃ સદા વિજયતે, રામં રમેશં ભજે ।
રામેણાભિહતા નિશાચરચમૂ, રામાય તસ્મૈ નમઃ ॥
રામાન્નાસ્તિ પરાયણં પરતરં, રામસ્ય દાસોઽસ્મ્યહં ।
રામે ચિત્તલયઃ સદા ભવતુ મે, ભો રામ મામુદ્ધર ॥

વેદાનુદ્ધરતે, જગન્નિવહતે, ભૂગોલમુદ્‌બિભ્રતે ।
દૈત્યાન્દારયતે, બલિં છલયતે, ક્ષત્રક્ષયં કુર્વતે ॥
પૌલસ્ત્યં જયતે, હલં કલયતે, કારુણ્યમાતન્વતે ।
મ્લેચ્છાન્મૂર્છયતે દશાકૃતિકૃતે, કૃષ્ણાય તુભ્યં નમઃ ॥

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कोपीराइट विभाग]

अनुक्रमांक वर्गांक

पुस्तकनुं नाम

तारीख

ॐ

હરિ-કીર્તન.

॥ सा ामायणमां रामस्तुति ॥

હરિગીત છંદ.

જય રામ રઘુકુળ ભાણ, વેદ વખાણ આપ તણાં કરે,
જય રામ પૂરણ કામ, પાપી આપ નામ સ્મર્યે તરે;
જય રામ નિશિચર મારવા, ભૂમિનો ભાર ઉતારવા,
પ્રગટ્યા અહો પરબ્રહ્મ! પુણ્યસ્વી સુભક્તો તારવા.

જય રામ વંશ ઇક્ષ્વાકુને અજ પુત્ર દશરથને ઘરે,
જય રામ કૌશલ્યા ઉદરથી, ઉદ્ભવ્યા જગમાં ખરે;
જય રામ વિશ્વામિત્ર સહ, કાચી કિશોર વયે જઈ,
જય રામ મારી તાડિકા મૃદુ હાથમાં કાર્મુક લઈ. ૨
જય રામ સારી અર્થ, તાપસના જનકગેહે જતાં,
જય રામ ઉદ્ધારી અહલ્યા, પગ વડે જરી સ્પર્શતાં;
જય રામ ત્ર્યમ્બક તોડિ, મોડી માન રાવણનું પ્રભુ,
જય રામ સીતાને વર્યા, વિસ્મિત કરી જગને વિભુ. ૩
જય રામ પરશુરામનો, મદ મોડી અવધે આવિયા,

જય રામ સીતા લાવી ભાંડૂ, સર્વને મન ભાવિયા;
જય રામ વચન પિતા તણું, પળવા સુઅભિષેકજ સમે,
જય રામ જાનકિસહ વને, વિચર્યા ખળ્યા ન રહ્યા કયમે. ૪
જય રામ ભરતે વીનવ્યા, ગિરિ ચિત્રકૂટે આવીને,
જય રામ મરણ પિતા તણૂં, પ્રતિયોગથી સંભળાવીને;
જય રામ તોપણ નવ ડગ્યા, અતિ તાપ અંતરમાં થતે,
જય રામ ભાળવ્યું રાજ્ય ભક્ત, સુભરતને વનમાં જતે. ૫
જય રામ પછિ દંડકવને, ગોદાવરી તટ આવીને,
જય રામ પંચવટી વિષે, પોતે વસ્યા મુનિ ભાવીને;

જય રામ ત્યાં દશકંધ ભગિની, આવી પાપમતિ ધરી,
જય રામ તેને લક્ષ્મણે, ક્ષણમાંજ નાકવની કરી. ૬
જય રામ રાક્ષસ ચૌદ સહસ્ર, વિદારિયા તે વન મહીં,
જય રામ ખર દૂખર, ત્રિશીરાનેય પણ માર્યા તહીં;
જય રામ સાર્યાં અર્થ, તાપસના નિશાચરને હણી,
જય રામ રાવણ કોપિયો, સુણી વાત શૂર્પનખા તણી. ૭
જય રામ તેથી પાપીએ, પાપાચરણ વળતી કર્યાં,
જય રામ મારિચ મૃગ કરી, થઇ જોગી જગમાતા હર્યાં;
જય રામ ગીધ જટાયુએ, રોકયો પ્રપચી પાપીને,

જય રામ તોપણ તે ગયો, પાંખો સુ તેની કાપીને. ૮
જય રામ આવ્યા આશ્રમે, જનકાત્મજા જોયાં નહીં.
જય રામ વાત જટાયુએ, સીતા હરણની સૌ કહી;
જય રામ આપી મુક્તિ તે, ખગને સતીની શોધમાં,
જય રામ વાધ્યા વિશ્વનેજ, જણાવવા બહુ ક્રોધમાં. ૯
જય રામ જાનકિના વિયોગ, વડેજ બહુ વ્યાકુળ થતા;
જય રામ શવરી આશ્રમે, દીઠા સુદેવ ગણે જતા;
જય રામ પૂરણ કામ આવ્યા, જોઇને શવરી તદા,
જય રામ ચરણ સરોજમાં, લપટાઇ ગઈ થઈ મન મુદા. ૧૦

જય રામ એઠાં બોર તેનાં, તૃપ્ત થઈ તેવે જમ્યા,
જય રામ ભોળે ભાવ, ગાંડી ઘેલીને પોતે ગમ્યા;
જય રામ પંપાસર પછી, શવરી કહ્યાથી પરવર્યા;
જય રામ સુગ્રીવાદિ કપિગણ, સહાયમાં પોતે વર્યા ૧૧
જય રામ વાળી મારી, સંકટ ટાળી કપિ સુગ્રીવનું.
જય રામ દૃઢ મૈત્રી કરી, દળ મેળવ્યું માણસવનું;
જય રામ હનુમાને તદા કરી શોધ સીતાની કહ્યું,
જય રામ છે જનકાત્મજા, લંકા વિષે આપે લહ્યું. ૧૨
જય રામ પથ્થર પાજ બંધાવી, ઘણા સંધૂરથી.

જય રામ વાનર રીંછ દળ લઈ, આવિયા બહુ હરખથી;
જય રામ લંકાને વિષે, આવી મહા યુદ્ધ આદરી,
જય રામ રાવણ રોળિયો, પરિવાર સહ પૂરો કરી. ૧૩

જય રામ ભૂંડો બ્રહ્મરાક્ષસ, ભક્ત ભય હરવા તમે,
જય રામ જાનકિ નિમિતથી, માર્યો મરે નહીં જે કયમે;
જય રામ ભક્ત સુ આપનો, વિભિષણ કરી સ્થિર હે હરિ!
જય રામ જાનકિ લઈ ફર્યા, સુવિજય ધર્મ તણો કરી. ૧૪

જય રામ ચરિત્ર સુ આપનું જિહ્‌વાગ્ર રહેવા આ કર્યું,
જય રામ શત કોટી વિષે, મુનિ વાલ્મિકે રચીને ભર્યું:

જય રામ તોપણ તૃપ્તિ તે, મુનિને નથી થઈ શું કહું,
જય રામ હું મતિમંદ, "રામ" ઉચ્ચારિ તૃપ્ત સદા રહું. ૧૫

જય રામ તારક મંત્ર માત્રજ, આપનું શુભ નામ છે,
જય રામ તો વિસ્તારનું, મારે પછી શું કામ છે?
જય રામ એથી "રામ રામ" હું જીભથી રટું સર્વદા
જય રામ ગણપતરામને મતિ આપજો એવી સદા. ૧૬

રામચંદ્ર ઈચ્છારામ વ્યાસ.



श्रीकृष्णबाळलीला.

હરિગીત છંદ.

જય કૃષ્ણ વૃષ્ણીકુલભૂષણ, આપ નામ જનો સ્મરે,
જય કૃષ્ણ નામ સ્મરી તમારૂં, પાપી સ્વર્ગે સંચરે;
જય કૃષ્ણ નાશ અધર્મનો કરિ, ભક્તજન સુખિઆ થવા,
જય કૃષ્ણ આ અવની પરે, અવતાર ધાર્યા અવનવા—૧
જય કૃષ્ણ શ્રાવણ કૃષ્ણની, બુધ અષ્ટમી રોહિણિ યુતા,
જય કૃષ્ણ મધરાત્રી સમે, પ્રગટયા. પ્રભુશ્રી રૂપવતા;

જય કૃષ્ણ દુંદુભિ દેવનાં, વાગી રહ્યાં આકાશમાં,
જય કૃષ્ણ ચંદન પુષ્પની, વૃષ્ટિ થઇ મથુરાજીમાં—૨
જય કૃષ્ણ જન્મ્યા જનક જનની, ને દિધાં દર્શન રૂડાં,
જય કૃષ્ણ આનંદિત થયાં, તે દેખી દેવ દિપાવડાં;
જય કૃષ્ણ જોડી હાથને, માતા પિતા એમ ઉચર્યાં,
જય કૃષ્ણ પાપી કંસ મારે, બાળ મારે ઘર દયા—૩
જય કૃષ્ણ સુણિને વચન એવું, શ્રી મુખે એમ ઉચર્યાં,
-જય કૃષ્ણ ગોકુલ નંદ ગૃહે, મૂકી મને ઉમંગ ભર્યાં;
-જય કૃષ્ણ ત્યાંથી લાવી મ.યા, રાખજો તેને અહીં,

જય કૃષ્ણ એમ વદી હરિ, પછી બાળ રૂપ થયા તહી—૪
જય કૃષ્ણ કારાગ્રહ તણા, બંધન બધાં છૂટી ગયાં,
જય કૃષ્ણ રક્ષક દ્વારપાળો, સહુ અચેતન થઈ પડયા;
જય કૃષ્ણ બાળ પ્રભુ ગ્રહી, વસુદેવ ગોકુળ સંચર્યા,
જય કૃષ્ણ આવ્યા તીર યમુના, જે અતિ જળથી ભર્યાં—૫
જય કૃષ્ણ યમુનાના જળે, મારગ દીધો પગ અડકતાં,
જય કૃષ્ણ શેષ ફણા ધરી, વરસાદને અટકાવતાં;
જય કૃષ્ણ નંદ ગૃહે જઈ, મૂકી પ્રભુ પુત્રી ગ્રહી,
જય કૃષ્ણ મથુરા આવિયા, એ વાત કોયે ના લહી—૬

[illegible] તાપ [illegible] — ૬

જય કૃષ્ણ [illegible]

જય કૃષ્ણ [illegible]

જય કૃષ્ણ [illegible]

જય કૃષ્ણ [illegible] — ૭

જય કૃષ્ણ [illegible]

જય કૃષ્ણ [illegible] દેવી [illegible] થયું [illegible]

જય કૃષ્ણ [illegible] તેને [illegible] શું [illegible]

જય કૃષ્ણ વેરી [illegible] પેદા [illegible] થયો [illegible] — ૮

જય કૃષ્ણ સુણી વધાઇ નંદે, પુત્ર કેરા જન્મની.

[illegible]

જય કૃષ્ણ [illegible] કરી, [illegible] વ્રજ ભૂમિ [illegible] ગોકુલ [illegible]

જય કૃષ્ણ [illegible] ગોપીઓ [illegible]

જય કૃષ્ણ નંદે દાન દેવામાં, ન રાખી કંઈ [illegible]-૯

જય કૃષ્ણ કંસે ખોળવા હરિ, પૂતના [illegible]

જય કૃષ્ણ આજ્ઞા આપી બાળો મારવાં ધવરાવીને;

જય કૃષ્ણ ગામે ગામનાં, બાળો બધાને મારીને;

જય કૃષ્ણ ગોકુલ આવી તેને, મારી આપે ધાવીને-૧૦

જય કૃષ્ણ એક સમે ઉજાણી, નંદ યશોદાજી ગયાં;

જય કૃષ્ણ ઝોળી શકટ નીચે, બાંધી હરિ પોઢાડિયા;

જય કૃષ્ણ જાગી ઉઠતાં, ભારે રૂદન આપે કર્યું,
જય કૃષ્ણ કો એ ના સુણ્યું, તેથી શકટ ઉંધું કર્યું-૧
જય કૃષ્ણ તૃણવત્ દૈત્ય લઇને, આપને ગગને ઉડયો,
જય કૃષ્ણ ભારે વજન મૂકી, પાપીને પૂરો કર્યો;
જય કૃષ્ણ યશોદા માતને, મુખમાં જગત દેખાડિયું,
જય કૃષ્ણ ગર્ગ બોલાવિ નદે કૃષ્ણ નામજ પાડિયુ-૧૨
જય કૃષ્ણ દહિં દુધ માખણો, ચોરી કરી ખાધાં ઘણાં,
જય કૃષ્ણ તોડી ફોડી નાખ્યાં, વાસણો ગોપો તણાં;
જય કૃષ્ણ દહિની ગોળી ફોડી, શ્રી યશોદાજી તણી,

જય કૃષ્ણ ઉખળ સાથ હાથો, બાંધવા દોરી વણી-૧૩
જય કૃષ્ણ દોરી બાંધતાં, ટુંકી પડી વારે ઘડી,
જય કૃષ્ણ થાક્યાં માત દેખી, આપ બધાયા રડી;
જય કૃષ્ણ યમલાર્જૂન પેખી, મધ્યમાં તેના ગયા,
જય કૃષ્ણ પાડી મોક્ષ આપી, શાપ નિવારણ કર્યા-૧૪
જય કૃષ્ણ વૃંદાવન વિશે, ગાયો ચરાવંતા અરે,
જય કૃષ્ણ બગાસુરને, વત્સાસુર માર્યા ખરે;
જય કૃષ્ણ અજગર થઈ, અઘાસુરેજ ગોવાળો ગળ્યા,
જય કૃષ્ણ પેશી પેટ તેના, ફાડી મુખ પ્રાણો હર્યા-૧૫

જય કૃષ્ણ બ્રહ્માએ હર્યાં, ગોવાળિયા ને વાછડા,
જય કૃષ્ણ લીલાથી તમે, પેદા કર્યાં તેવા રૂડા;
જય કૃષ્ણ લીલા પેખી એવી, ચકિત બ્રહ્માજી થયા,
જય કૃષ્ણ પાછા સર્વ આણી, ઈશનાં સ્તવનો કર્યાં-૧૬

જય કૃષ્ણ બલરામે જઈને, તાડનાજ અરણ્યમાં,
જય કૃષ્ણ માર્યો ધેનકાસુર, દૈત્ય રાસભ રૂપમાં;
જય કૃષ્ણ કાળી નાગ નાથી, ઝેર યમુનાનુ હર્યું,
જય કૃષ્ણ જય દાવાગ્નિ ભક્ષી, સ્વજનનું રક્ષણ કર્યું-૧૭

જય કૃષ્ણ બલરામે હણ્યો, પાપી પ્રલબાસુરને,

જય કૃષ્ણ દવનુ પાન કરી, નિર્ભય કર્યા ગોવાલને:
જય કૃષ્ણ બંસી વગાડી વ્રજની, ગોપીઓ ઘેલી કરી,
જય કૃષ્ણ વ્રત રીતિ બતાવી, તેમનાં વસ્ત્રો હરી-૧૮
જય કૃષ્ણ શચિપતિ ક્રોધથી, ઉગારવા ગોવાલને.
જય કૃષ્ણ તોળ્યો ટચલીએ. ગિરિરાજ ગોવર્ધનને:
જય કૃષ્ણ ગોપીસંગમાં, રમી રાસલીલા હર્ષથી,
જય કૃષ્ણ તે પછી જલક્રીડાને, વનલીલા કરી ભાવથી-૧૯
જય કૃષ્ણ અજગરપાશમાંથી, નંદને છોડાવીને,
જય કૃષ્ણ આપી મુક્તિ તેને, શાપ રૂપિનો ટાળીને:

જય કૃષ્ણ યક્ષ કુબેરનો, જે શંખચુડ નામે હતો,
જય કૃષ્ણ તે હરિ ગોપીઓ, ઉત્તર દિશામાં વિચરતો-૨૦

જય કૃષ્ણ પકડી પાડી તેને, મૃત્યુના મુખમાં ધર્યો,
જય કૃષ્ણ તેનો લઈ મણિ, બળરામને અર્પણ કર્યો;
જય કૃષ્ણ ધરીને વૃષભનું, રૂપ ગોકુળે અરિ આવિયો,
જય કૃષ્ણ મારી તેહને, ગોવાલનો ડર ભાંગિયો-૨૧

જય કૃષ્ણ કેશી દૈત્ય પાછો, અશ્વ થઈ જે આવિયો.
જય કૃષ્ણ તેના મુખમાં ધરી, હાથ તેને મારિયો;
જય કૃષ્ણ ગોપ સહીત ગાયો, વ્યોમ દૈત્ય હરી ગયો,

જય કૃષ્ણ પૃથ્વી પર પછાડી, મૃત્યુને શરણે કર્યો-૨૨
જય કૃષ્ણ નારદ મુખથી, સુણી શુભ ચરિતો આપનાં,
જય કૃષ્ણ કંસે જાણિયું, કે તનુજ છો વસુદેવના;
જય કૃષ્ણ હાથે આપના, પોતાનું મૃત્યુ જાણીને,
જય કૃષ્ણ તેડી લાવવાને, મોકલ્યા અક્રૂરને-૨૩
જય કૃષ્ણ હરિને તેડવા, ગોકુલ અક્રૂર આવિયા,
જય કૃષ્ણ તેને માન આપી, આપ મથુરાં સંચર્યા;
જય કૃષ્ણ જમુના તીર આવી, વિષ્ણુ રૂપ ધરી હરિ,
જય કૃષ્ણ દર્શન દેઈ તેની, બુદ્ધિને નિર્મળ કરી-૨૪

જય કૃષ્ણ મથુરાં પેસતાં. કટુ વેણ ધોબી બોલિયો.
જય કૃષ્ણ તેને મારી દરજી, માળીને વર આપિયો;
જય કૃષ્ણ ઇંદ્રનું ધનુષ તોડી. તરૂણી કુબજાને કરી.
જય કૃષ્ણ હસ્તિ કુવલયાપીડ, મારિયો બહુ યુધ કરી-૨૫
જય કૃષ્ણ તે પછી મલ્લ ચાણુર, સાથ ભારે યુદ્ધ કર્યું,
જય કૃષ્ણ તેને મારી પાપી, કંસનું જીવન હર્યું;
જય કૃષ્ણ સ્થાપ્યો રાજપદ પર. ઉગ્રસેન કૃપા કરી,
જય કૃષ્ણ છોડી જનક જનની. હર્ષની હેલી કરી-૨૬

જય કૃષ્ણ અંગ ઉમંગ લાવી, ભક્તને રટવા સદા.
જય કૃષ્ણ બાળલીલા તમારી. આ રચી અતિ સૌખ્યદા;
જય કૃષ્ણ લાભ અતિ મળે. સ્મરતાં લીલાઓ સર્વદા,
જય કૃષ્ણ લક્ષ્મીનાથ, યોગેશ્વર કહી વંદુ. સદા-૨૭

ૐ શાંતિ



ભજન ૧.

રામ બતાવરે રામ, ઓ માડી. મને રામ બતાવરે રામ·
નથી રાજયપાટનું કામ, ઓ માડી, મને રામ બતાવરે રામ-ટેક.

ભરત શત્રુઘ્ન પુછે કેકૈને, ક્યાં ગયા રામ લક્ષ્મણ.
જાનકી માતા ક્યાં ગયાં મારાં, જાઉ હું તેને શરણ ઓ માડી૦ ૧
કેકૈ કહે છે રામ લક્ષ્મણને. મોકલાવ્યા મે વનવાસ,
રાજ્ય કરજે તું રૂડી રીતે. શત્રુઘ્નને રાખી પાસ-ઓ માડી૦ ૨
તો કહે રાજ્ય મારે તો તરણા બરોબર, જુઠી માયાની જાળ,
રામ વિના આરામ નથી કોને, ગૃહસ્થ ગરીબ કે ભૂપાળ-ઓ માડી૦ ૩
અરે ચૌદભુવનના નાથને માડી. વનવાસ કાઢ્યા શું જોઈ,
કહે મડળી રામનામની. ભરત કહે ગોઇ રોઈ-ઓ માડી૦ ૪



ભજન ૨.

રામ સમરરે રામ, મુરખ મન, રામ સમરરે રામ
અંત સમે આવે કામ, મુરખ મન, રામ સમરરે રામ—ટેક.
ગર્ભવાસમાં ઉંધે મસ્તકે, ધર્યું અહોનિશ ધ્યાન, .
એક ઘડી સ્મરણ નહીં ચુકું, છુટકો કરો ભગવાન-મુરખ મન૦ ૧
એ પ્રમાણે સ્તુતિ કરીને, પ્રગટી છે આલમ જાન,
માયાનું આવરણ અડયુ કે, ભૂલી ગયો બેઈમાન-મુરખ મન૦ ૨
બાલપણું રમતમાં ગુમાવ્યુ, જુવાની જુઠે સાથે ખોઇ,
વૃદ્ધ થયો તોય વાસના મટી નહીં, આશા અધુરી રહી-મુરખ મન૦ ૩

આશા તૃષ્ણા નદીઓ ભારી. તરવી ઘણી મુશ્કેલ,
કહે મડળી રામનામની. રામ નામે તરવી છે સ્હેલ-મુરખ મન૦ ૪



ભજન ૩.

રામ ભજોરે રામ, ઓ ઘેલાં પ્રાણી, રામ ભજોરે રામ:
મૂકી મમતા તમામ, ઓ ઘેલાં પ્રાણી, રામ ભજોરે રામ-ટેક.
માત પીતાને કુટુંબ કબીલો. આખર નહી આવે કામ,
સુત વિત મંદીર સુંદરી સઉ, સઉને રહેશે હામ—ઓ ઘે૦ ૧
અમૂલ્ય હીરો અરજા કર્યો હરિ, સઘળે ગામે ગામ,

મૂલ્ય પડે નહીં જોર પડે નહીં, ભજતાં સુંદર શ્યામ—ઓ ધે૦ ૨
રામ નામનો મહિમા મોટો, સંતો ભજે આઠે જામ,
જન્મતાં પહેલાં દુધ નિપજાવ્યુ, તે કેમ કરે હરામ—ઓ ધે૦ ૩
માટે દાંત આપ્યા તે આપશે ચવેણું, રાખી હિંમતને હામ,
કહે મંડળી રામનામની, ભજો લઇ વિશ્રામં—ઓ ધે૦ ૪



ભજન ૪.

રામ રટણ કરો ભાઇ, ભવ તરવુ હોય તો,
રામ રટણ કરો ભાઇ, રામના ગુણ લ્યો ગાઇ.

ભવ તરવું હોય તો, રામ રટણ કરો ભાઇ—ટેક.

રામનામથી પત્થર તર્યા છે, સાયર ઉપર બાંધી પાજ,
બજરંગ બીરે લંકા પ્રજાળી, વિભિષણને મળ્યું રાજ-ભવ ત૦ ૧
અહલ્યા નારીની શલ્યા બનાવી, રામ નામ જપ્યાથી જાય,
શલ્યાની પાછી અહલ્યા નારી થઇ, રામ ચરણ પરતાપ-ભવ ત૦ ૨
પ્રહલાદ પુત્રપર હિરણ્યકશ્યપુએ, કર્યો અતીશે જુલમ,
પણ રામ ચરણથી આંચ ન આવી, પ્રગટયા ફાડીને સ્થંભ-ભવ ત૦ ૩
અનેક ભક્તો એમ તરી ગયાછે, પ્રગટ જોજો પુરાણ,
કહે મંડળી રામનામની. હરિજનને નથી અજાણ-ભવ ત૦ ૪

ભજન ૫.

રામ ગોવિંદ હરિ, ભજોરે ભૈયા, રામ ગોવિંદ હરિ—ટેક.

જપ તપ સાધન કછુ નહી લાગત, ખરચત નહીં ગઠડી—ભજોરે૦ ૧

સત સંગત કબહુ નહીં કીની, જનની ભાર મરી—ભજોરે૦ ૨

સંતત સંપત સુખકે કારણ, જહેંસે ભૂલ પરી—ભજોરે૦ ૩


કહત કબીર જીન રામ નહીં જાન્યા, તીન મુખ ધુળ પરી—ભજોરે૦ ૪



ભજન ૬

કમળ મુખ રામ ભજનકું દીયા, રામ ભજનકું દીયા ટેક.

લખ ચોરાશી ફેરા ફીરકે, સુંદર તનુ દીયા–કમળમુખ ૧
ખાયા પીયા સુખસેં સોયા, વૃથા જુવાની ખો દીય–કમળમુખ ૨
કાન દીયા કીરતન શ્રવણકું, હાથ ધરમકું દીયા કમળમુખ ૩
પાવ દીયા તીરથ ચલણેકું, નેન દરશનકું દીયા–કમળમુખ ૪
સંત સમાગમ કરતે રેહના ભાઈ, રામ અમર રસ પીયા કમળમુખ ૫
કહત કબીરા જીને રામ ન જાન્યા, આયા જેસા ગયા કમળમુખ ૬



ભજન ૯.

એ કાયાકી રેલ, રેલસેં અજબ નીરાલી હય—ટેક.

પાપ પુન્યકી બનાઈ નાલી, અકલ સડક હય જીસમેં નીકાલી,
મનકા કાંટા લગા, ઈશ્વર ચાહે ઉધર ગુમાલી હય—એ૦
દયા ધર્મ દો પઇડે બનાકે, સત્યકા લટ્ઠા ખુબ ચડાકે,
જ્ઞાન કમાની ભેચ, ધ્યાનકી સકલ ડાલી હય—એ૦
શ્વાસ ધુવા મુંહુસે હય જારી, વિવેક ચાવી બની હીતકારી,
તનકા ઈંજીન બના, જઠરમેં અગ્નિ બાલા હય—એ૦
નબ્ઝકા ઘંટા હરદમ હીલતા, જીસકા ટેમ રેલસે મીલતા,
હાથકા સીગનલ્ ગીરા, રેલ અબ આનેવાલી હય—એ૦
અરે મુસાફર ક્યોં દુઃખ પાતા, પ્રભુ નામકી ટીકીટ ન લેતા.


ફફકી સીટી બજી. રેલ અબ જાનેવાલી હય—એ૦
તાર ખબર હીચકી અબ આઇ, કાલ બકરીયાં શીરપર છાઈ,
રેલ ભંવર ગઈ છોડ, પડા ઇસ્ટેશન ખાલી હય—એ૦



ભજન ૮.

આજે અમે ગયાં'તાં રામ સભામાં, પૅાસલીએ રસ પીધોરે-ટેક.
પીતાંરે પીતાં હુંરે ધરાણી, મ રા ગુરૂજીએ પ્યાલો દીધોરે-આ૦
કહીએ છીએ તેને કોઇ ન માને, જેને વીતી હોય તે જાણેરે,
મુજ જીવી જેવાને કાજે હું તે હરીને બેઠી ટેકાણેરે-આ૦

જાતાં શું અમે જઇને ભરાયાં, વળતાં નવ વળાયરે,
સૂનાં મંદિરમાં શ્વાનજ પેઠું, એને મન ભાવે તે ખાયરે આ૦
રામ સભામાં જે કોઇ આવે, કરે તીરથ ઘરબારીરે,
ભૂતનાથ ચરણે ભણે અંખૈયો, મારા પ્રભુની ભક્તિ પ્યારીરે-આ૦



ભજન ૯.

સૌનુ કરો કલ્યાણ, દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ—ટેક.
માણસ પશુ પંખીની સાથે, જંતુ જીવ તમામ—દયાળુ૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે આઠે જામ—દયાળુ૦

દુનીઆમાં દર્દ દુકાળ પડે નહિં, લડે નહિં કોઇ ગામ—દયાળુ૦
સર્વ જગે સુખકારી વધે ને, વળી વધે ધન ધાન્ય—દયાળુ૦
કોઇ કોઇનું બૂરૂં ન ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન—દયાળુ૦
પોત પોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન—દયાળુ૦



અચ્યુતં કેશવ રામનારાયણં, કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપિકાવલ્લભં, જાનકીનાયકં રામચન્દ્ર ભજે ॥



— છપાવી પ્રસિદ્ધ કરનાર —
વિઠ્ઠલદાસ પ્રાણજીવનદાસ વેસ્માવાળા
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું — સુરત, સૈયદપરા.

છાપનાર— ઠાકોરદાસ માનસિંગ
છાપવાનું ઠેકાણું—"જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસ"
ચોટાના પુલ ઉપર સુરત.

જેના મનમાં રામ, તેને બીજી ક્રિયાનું શું કામ?

રાગ—માલકોષ

જીનકે મનમેં શ્રી રામ બસે;
ઉન સાધન ઔર કિયે ન કિયે-જીનકે૦

જીને સત ચરન રજકો સ્પર્શો;
ઉન તીરથ ઔર કિયે ન કિયે-જીનકે૦

જીનકે દિલમેં હય ભૂતદયા;
ઉને કોટીક દાન દિયે ન દિયે-જીનકે૦

જીનકે મનમેં સાહબ
ઓ દેવ હુવે પૂજાયે